# સીતવાડા બાલુપુરામાં નવીન ડામર રોડ બનતા ગ્રામ લોકોમાં ખુશીનો માહોલ

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલુપુરા ગામમા નવીન ડામર વારો રોડ તૈયાર થતા ગામજનો માં ખુશીનો માહોલ જોવા મલ્યો તો આઝાદી ના વરસો બાદ રોડ બનતા ખરાઅર્થ મા આ ગામને આઝાદી મળી. પ્રાંતિજના સીતવાડા બાલુપુરા ખાતે આઝાદીના વર્ષોબાદ તંત્ર દ્વારા પાકો ડામર વારો નવીન રોડ બનતા ગામલોકોમા ખુશી જોવા મળી ત્યારે આઝાદી ના વર્ષોબાદ ગામમા રોડ બનવાને લઈ ને ગામજનો દ્વારા માગ કરી રહ્યા હતા અને વારંવાર ની રજુઆતો થઈ હતી જયારે પંચાયત થી પાલામેન્ટ ના રાજકીય નેતાઓ સુધી વારંવાર રજુઆતો કરવામા આવી હતી પણ રોડ બન્યો નહતો અને રોડ ને લઈ ને ગલ્લા તલ્લા કરી રહ્યા હતા તો સીતવાડા ના તાલુકા સદસ્ય સ્વામી વિરપાલસિંહ દિલુભા રાઠોડે તાલુકા અને જિલ્લા વહીવટી તંત્ર માં ઉગ્ર માંગ સાથે રજુઆત કરતા જવાબદાર તંત્ર દ્વારા મુખ્ય મંત્રી સડક યોજના ની ૧ કરોડ ૮૦ લાખ ના ખર્ચે ડામર સપાટી ૧૫૦૦ મીટર સીસીરોડ સપાટી ૩૭૫ ડામર રોડ તૈયાર મુખ્ય મંત્રી સડક યોજના ની ગ્રાન્ટ માંથી નવીન રોડ મંજુર કરી તાબડતોબ રોડ ની કાર્યવાહી હાથ ધરી રોડ બનીજતા ગામલોકો મા ખુશી નો માહોલ જોવા મલ્યો હતો.



# અરવલ્લીમાં વાત્રક-મેશ્વો ડેમમાંથી શિયાળુ ખેતી માટે સિંચાઈનું પાણી છોડાતાં ખેડૂતોને રાહત

## બીજા તબક્કાનું પાણી છોડાતાં ખેતીને પિયતનો લાભ

બાયડ, તા.૧૩

અરવલ્લી જિલ્લામાં રવી સીઝનમાં ખેડૂતોએ કુલ-૧,૩૧,૩૭૪ હેક્ટર જમીનમાં શિયાળુ પાકનું વાવેતર કર્યું છે ત્યારે સિંચાઈ માટે વાત્રક અને મેશ્વો ડેમમાંથી બીજા તબક્કાનું પાણી છોડવામાં આવતાં ખેડૂતોને રાહત થઈ છે. વાત્રક ડેમમાંથી છેલ્લા ૩ દિવસથી ૧૯૫ ક્યુસેક અને મેશ્વો ડેમમાંથી ૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવતાં કેનાલના કમાન્ડ વિસ્તારની ખેતીને તેનો મહત્તમ લાભ થઈ રહ્યો છે.

જિલ્લાના મુખ્ય જળાશય ગણાતા વાત્રક અને મેશ્વો ડેમમાંથી ખેતીની દરેક સીઝનમાં તબક્કાવાર રીતે ખેડૂતોને સિંચાઈનો લાભ આપવામાં આવતો હોય છે. ગત ચોમાસામાં સારો વરસાદ વરસતાં જળાશયોમાં મહત્તમ પાણીની આવક થઈ જેના કારણે વર્તમાન શિયાળુ ખેતીમાં સિંચાઈનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. જિલ્લાના બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાના ખેડૂતોએ રવી સીઝનમાં ઘઉં, મકાઈ, ચણા, તમાકુ, જીરુ, શાકભાજી તેમજ ઘાસચારાનું વાવેતર કર્યું છે. અત્યાર સુધીમાં તાલુકામાં કુલ-૧,૩૧,૩-૪ હેક્ટર જમીનમાં રવી ખેતી થયા પછી વાત્રક તેમજ મેશ્વો જળાશયમાંથી તબક્કાવાર રીતે સિંચાઈનું પાણી છોડવામાં આવતાં ખેડૂતોને મહત્તમ લાભ મળી રહ્યો છે. વાત્રક જળાશયની કેનાલો દ્વારા દૈનિક ૧૯૫ ક્યુસેક અને મેશ્વો જળાશયની કેનાલમાં ૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે જેના કારણે શિયાળુ વાવેતરને ફાયદો થઈ રહ્યો છે.



# મેમદપુર ખાતે પ્રાકૃતિક ખેતી અંગેની શિબિર યોજાઇ

## પ્રાકૃતિક ખેતી અંગે જિલ્લા પ્રતિનિધી એચ.સી.દવે દ્વારા વિસ્તૃત માહિતી આપી

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના મેમદપુર ખાતે આવેલ સિધ્ધી ફાર્મ હાઉસ ખાતે પ્રાકૃતિક ખેતી અંગેની શિબિર યોજાઈ હતી જેમા પ્રાંતિજ સહિત તાલુકા માંથી ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. જી.એન.એફ.સી.ભરૂચ દ્વારા પ્રાંતિજ ના મેમદપુર ખાતે આવેલ સિધ્ધી ફાર્મ ઉપર પ્રાકૃતિક ખેતી ને લઈ ને શિબિર યોજાઇ હતી જેમા મેમદપુર ગામ સહિત પ્રાંતિજ તથા આજુબાજુમાથી આશરે ૭૦ થી ૮૦ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત માહિતી લીધી હતી તો કંપનીના હિંમતનગર ખાતેના જિલ્લા પ્રતિનીધી એચ.સી.દવે દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે ના મુખ્ય પાસાઓ , ફાયદાઓ તેમજ કુલ જમીન મા ઓછામા ઓછુ ૧૦% જમીન ઉપર પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો તેમજ સીટી કોમ્પોસ્ટ વિશે વિસ્તૃત માહિતી પ્રદાન કરેલ અને રસાયણ મુકત ખેતી ઉપર ભાર મુકતા લિંબોળી તેલ નો જીવાત નિયંત્રણ માટે સાર્વત્રિક ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો જયારે જિલ્લા ખેડીવાડી હર્ષદભાઈ પટેલ દ્વારા સરકાર દ્વારા ચલાવાની પ્રાકૃતિક ખેતી ને પ્રોત્સાહિત કરનારી વિવિધ યોજનાઓ વિશે જાણકારી આપી હતી આત્મા પ્રોજેક્ટ ના નરેન્દ્રભાઈ પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય અંગ એવા જીવામૃત , ધનામૃત , બ્રહ્માસ્ત્ર વગેરે વિશે વિસ્તૃત ચર્ચાઓ કરી જાણકારી આપી હતી જયારે સિધ્ધી ફાર્મ માલિક વિષ્ણુભાઈ પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગેના પોતાના અનુભવો તેમજ ઓછા ખર્ચ વધુ વળતર મેળવવા ખેડૂતો ને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો તો પ્રગતિશીલ ખેડૂત સમીર પટેલ દ્વારા કંપની દ્વારા પ્રાકૃતિક ખેતી ને પ્રોત્સાહન આપવા માટે યોજેલ ખેડૂત શિબિર માટે કંપની નો આભાર વ્યક્ત કર્યો હતો જયારે કંપની દ્વારા માલિક વિષ્ણુભાઈ પટેલ ને પ્રોત્સાહિત રૂપે ૫૦૦૦ નો ચેક આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા જયારે કંપની ના પ્રાંતિજ ડેપોના ઈન્ચાર્જ ડી.પી.શાહ દ્વારા ઉપસ્થિત અધિકારીઓ તેમજ ખેડૂત સમુદાયનો વિશાળ સંખ્યામા ઉપસ્થિત રહેતા આભાર વ્યક્ત કર્યો હતો.



# બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ કર્યો પશુપાલક હિતલક્ષી નિર્ણય

## દૂધના પ્રતિ કિલો ફેટના ખરીદ ભાવમાં રૂ.૩૦ નો કર્યો વધારો : ચાલુ વર્ષમાં સતત ચોથી વાર દૂધનાં ખરીદ ભાવમાં વધારો કરતી બનાસ ડેરી

પાલનપુર, તા. ૧૩

બનાસ ડેરી, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂપિયા ૩૦ નો વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે, જેનો લાભ બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલકોને ૧૬ ડિસેમ્બરથી મળતો થશે. બનાસ ડેરીએ પોતાના પશુપાલકોને દૂધના પ્રતિ કિલો ફેટ ખરીદ ભાવમાં વધારો કરીને એક મોટી ભેટ આપી છે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં પશુપાલકોને આર્થિક રીતે સદ્ધર બનાવવા સમયે સમયે દૂધના ભાવમાં વધારો તેમજ પશુપાલકોના હિતમાં નિર્ણયો કરવામાં આવે છે, જેના કારણે બનાસકાંઠામાં પશુપાલનનું પ્રમાણ વધ્યું છે. હાલમાં ચેરમેન શંકરભાઈ ચૌધરી એ પશુપાલકોને દૂધના પ્રતિ કિલો ફેટે ફરીથી રૂપિયા ૩૦ ચૂકવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે, જેનો લાભ આગામી ૧૬ ડિસેમ્બરથી મળતો થશે. પહેલા દૂધના પ્રતિ કિલો ફેટ પર રૂ.૭૬૦ ચૂકવવામાં આવતા હતા, પરંતુ હવે રૂ.૩૦ નો વધારો થતાં પશુપાલકોને રૂ.૭૯૦ ચૂકવવામાં આવશે.

જયારથી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરીનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોના હિતમાં કલ્યાણકારી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં નડાબેટ ખાતે દૂધ દિનના કાર્યક્રમમાં દૂધના ભાવમાં વધારો કરવાની જાહેરાત શંકરભાઈ ચૌધરીએ કરી હતી, આમ ઐતિહાસિક ભાવ વધારો, ભાવફેર અને ચાલુ વર્ષમાં ચેરમેન શંકરભાઈ ચૌધરીએ સતત ચાર વખત દૂધના ભાવમાં વધારો કરીને પશુપાલકોને એમની મહેનતના મીઠા ફળ આપવાના અનેક સફળ પ્રયાસ કર્યા છે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે "પહેલાના સમયમાં શિયાળાની અંદર જેમ જેમ દૂધની આવકમાં વધારો થતો, ત્યારે દૂધના ભાવમાં ઘટાડો જોવા મળતો હતો, પરંતુ હવે શિયાળો હોય કે અન્ય કોઈપણ ઋતુ પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને દૂધના ખરીદ ભાવમાં સતત વધારો કરવામાં આવે છે."



# ડીસાના એક વેપારીની રાજસ્થાન પોલીસે અટકાયત કરી : બે ફરાર

## વેપારીઓ પાસેથી દાડમ ખરીદી પૈસા ન આપી છેતરપીંડી આચરી હતી

ડીસા, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના દાડમના વેપારીની છેતરપિંડીના ગુનામાં રાજસ્થાનના જાલોરની સાયલા પોલીસે અટકાયત કરી છે. વેપારીએ સાયલામાં ત્રણ છૂટક વેપારી પાસેથી આશરે ૧૦ લાખની કિંમતની દાડમ ખરીદી પૈસા ન આપી છેતરપીંડી આચરી ફરાર થઈ ગયા હતો. બાદમાં નાસતા ફરતા હોવાથી સાયલા પોલીસે અટકાયત કરી તપાસ હાથ ધરી છે. જાલોર એસ.પી. હર્ષવર્ધન અગ્રવાલની સુચના મુજબ જિલ્લામાં છેતરપિંડીના બનાવો અટકાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત સાયલા ખાતે રહેતા દાડમના ખેડૂત અને છૂટક વેપારી ગુલામખાન સિંધીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી કે, લગભગ ૩- ૪ મહિના પહેલા ડીસાના લક્ષ્મણ માળી અને જયેશ માળી નામના વેપારીએ તેમની પાસેથી ૪.૫૪ લાખના ૭ ટન દાડમ લઈ ગયા હતા. જેમાં એક લાખ રૂપિયા જમા કરાવી બાકીના પૈસા આપ્યા ન હતા. આ સિવાય બીજા મિત્ર કબીર ખાન અને સોમત ખાન પાસેથી પણ આજ રીતે દાડમ ખરીદી અંદાજીત ૧૦ લાખ રૂપિયા લેવાના બાકી નીકળે છે. વારંવાર ઉઘરાણી કરવા છતાં પૈસા ન ચૂકવી ખેડૂતો સાથે છેતરપિંડી આચરી હતી. જે અંગે સાયલા પોલીસે આઈપીસી કલમ ૪૨૦, ૪૦૬, ૩૮૪, ૧૨૦ બ હેઠળ ગુનો નોંધી તપાસ કરતા આરોપી લક્ષ્મણ માળીની અટકાયત કરી છે. જ્યારે રમેશ અને જયેશ નામના બે આરોપીઓ હજુ ફરાર છે. જે અંગે સાયલા પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# અરવલ્લી જિલ્લાના ધનસુરાના પ્રસિધ્ધ દેવીયા મહાદેવ મંદિરની સમિતિની રચના કરાઈ



ધનસુરા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા ના પ્રસિધ્ધ દેવીયા મહાદેવ મંદિર ની સમિતિ ની રચના કરવામાં આવી હતી. આ સમિતિ ની રચના સર્વાનુમતે કરવામાં આવી હતી.ધનસુરા દેવીયા મહાદેવ મંદિર માં જનરલ સભા યોજાઈ હતી તેમાં મંદિર ના વિકાસ માટે તેમજ સંચાલન માટે નવીન સમિતિ ની રચના સર્વાનુમતે કરવામાં આવેલ જેમાં હોદ્દેદારો ની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે પટેલ દિનેશભાઈ મંગળભાઈ, ઉપપ્રમુખ તરીકે શર્મા પપ્પુભાઈ ઘાસીરામ,મંત્રી દાણી મનુભાઈ પરસોત્તમદાસ,સહમંત્રી ગજ્જર દીપકભાઈ કાન્તિલાલ, ખજાનચી પટેલ સુરેશચંદ્ર કોદરભાઈ તથા પિયુષભાઈ કિરીટભાઈ, સંગઠન મંત્રી પટેલ મૌલિકકુમાર,જગદીશભાઈ ની સર્વાનુમતે નિમણુક કરવામાં આવી હતી.

# ઉત્તર ગુજરાતના આકાશમાં આજે રાત્રે વર્ષનો અંતિમ જેમીનીડસ ઉલ્કા વર્ષાનો નજારો દેખાશે

## ૪ દિવસ સુધી કુદરતી આતશબાજી જોવાનો અવસર, કમોસમી માવઠાની આગાહી વિલન બનવાની દહેશત

બાયડ, તા.૧૩

ડિસેમ્બર-૨૦૨૨ ની વિદાયને આડે હવે માંડ એક પખવાડીયું બચ્યું છે ત્યારે આજે તા. ૧૪ ડિસેમ્બર થી ૧૭ ડિસેમ્બર દરમ્યાન ૪ દિવસ આકાશમાં રાત્રિ દરમ્યાન જેમીનીડસ ઉલ્કા વર્ષાનો અનોખો નજારો જોવા મળશે. જો કે હવામાન પલ્ટાવની આગાહી છે જેથી કમોસમી માવઠાની સ્થિતિ વચ્ચે વાદળો ઘેરાય તો કુદરતની આતશબાજી જોવાનો અવસર મળી પણ ન શકે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખગોળની અનેક ઘટનાઓ મોટાભાગે રાત્રિ દરમ્યાન બનતી હોય છે અને પ્રજા રાત્રિ દરમ્યાન આળસના કારણે ઉંઘમાંથી ઉઠતી નથી જેના કારણે ઉલ્કા વર્ષા સહિતની અનેક ઘટનાઓ જોવાનું નસીબ તેમના ભાગ્યમાં હોતું નથી. વર્તમાન વર્ષમાં ગત ઓક્ટોબર-નવેમ્બરમાં ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળ્યા પછી હવે આ વર્ષ વિદાય થઈ રહ્યું છે ત્યારે તા.૧૪ ડિસેમ્બરથી રાત્રે ૮-૦૦ કલાક પછી રાત્રિ દરમ્યાન આકાશમાં ઉલ્કા વર્ષા જોવા મળશે. રાત્રિથી પરોઢ દરમ્યાન સૌથી વધુ પ્રમાણમાં ઉલ્કાઓ જમીન પર સરકતી જોવા મળે છે અને આકાશમાં રચાય છે અનોખી કુદરતની આતશબાજી. ખગોળ શાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૦૦ જેટલી ઉલ્કા વર્ષાઓ જોવા મળે છે જેના કારણે કેટલાક વિસ્તારોમાં કુદરતનો આ નજારો જોઈને સૌ કોઈ ખુશ થઈ જાય છે. જેમીનીડસ ઉલ્કા વર્ષા ખુબ જ ચળકાટ ધરાવતી હોય છે અને હવાના સંપર્કમાં આવતાં ફાયરબોલમાં ફેરવાઈ જાય છે. પ્રતિ સેકન્ડ ૩૫ કી.મી.થી વધુને ૧૩૦ કી.મી.ની ઝડપે ઉલ્કા વર્ષાઓ વરસતી હોય છે.

# પાલનપુર આબુ હાઈવે ઉપરની અનેક સોસાયટીઓમાં ગટરની ગંદકી અને જાહેર રોડની સુવિધાથી લોકો વંચિત

## ૫૦૦૦ રહિશોની રજૂઆત વોર્ડના સેવકો સાંભળતા નથી : ગટરોમાં પાણી જવાના બદલે બહાર આવે છે, રસ્તા તૂટી ગયા છે, ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ થતાં રોગચાળો ફાટી નીકળવાનો ભય

પાલનપુર તા.૧૩

બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુરમાં આબુહાઈવે નજીક હનુમાનટેકરી વિસ્તારમાં આવેલી આઠ



સોસાયટીઓમાં રસ્તા અને ઉભરાતી ગટરોની સમસ્યાથી રહિશો ત્રાહિમામ પોકારી ગયા છે. નગરપાલિકા તેમજ સ્થાનિક નગરસેવકોને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવતો ન હોઈ નર્કાગારની સ્થિતિમાં જીવન ગુજારી રહ્યા છે. હવે પાલનપુરમાં ભાજપના શાશન સાથે ધારાસભ્ય પણ ભાજપના ચૂંટાયા છે. ત્યારે વર્ષો જુની આ સમસ્યાઓનો અંત આવશે તેવી લોકો આશા સેવી રહ્યા છે.

પાલનપુર શહેરમાં આબુ હાઈવે હનુમાન ટેકરી નજીક આવેલી નવજીવન, જીવન જયોત, કૈલાસનગર, અહમદી- મહમદી, આનંદનગર, ચાણકયપુરી, રામનગર જ્યાં ભૂર્ગભગટરમાં પાણી અંદર વહેવાને બદલે ઉભરાઈને જાહેર માર્ગ ઉપર વહેતું જોવા મળ્યું હતુ. આર.સી.સી. રોડના કોઈ ઠેકાણા ન હતા. તો વળી રોડની સાઈડમાં ગંદુ પાણી ભરાઈ રહેતું હોઈ અસંખ્ય માખી-મચ્છરોનો ઉપદ્રવ જોવા મળ્યો હતો. સ્થાનિક રહિશોએ જણાવ્યું હતુ કે, વારંવાર રજૂઆતો કરવા છતાં નગરપાલિકા પ્રમુખ કે સ્થાનિક નગર સેવકો અમારા પ્રશ્નો સાંભળતાં નથી.

### ભાજપના ધારાસભ્ય સમસ્યા હલ કરશે તેવી આશા છે : સોનલબેન જોષી (જીવન જયોત સોસાયટી)

પાલનપુરમાં છેલ્લી બે ટર્મથી કોંગ્રેસના ધારાસભ્ય ચૂંટાતા હતા. સામે નગરપાલિકા ભાજપની હતી. આથી સમસ્યાઓનો ઉકેલ આવતો ન હતો. હવે ભાજપના ધારાસભ્ય ચૂંટાયા છે. તેઓ અમારી સમસ્યાઓ હલ કરશે તેવી આશા છે.

### મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાનો ભય છે : મંજુલાબેન ઠક્કર (નવ જીવન સોસાયટી)

નવ જીવન સોસાયટીમાં ઉપર ઢાળમાંથી આવતું પાણી તેમજ ગટરનું ગંદુ પાણી રોડની સાઈડમાં ભરાઈ રહે છે. જેમાં માખી- મચ્છરોનો ઉપદ્રવ થતાં ડેન્ગ્યું, મેલેરિયા સહિત મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાનો ભય છે.

### ૧૦૦ વખત રજૂઆત કરી છે કોઇ સાંભળતું નથી : રેખાબેન જાદવ (આનંદનગર સોસાયટી)

અમારા વિસ્તારમાં આવેલી આઠથી દસ સોસાયટીઓમાં રસ્તા, ગટર અને ગંદા પાણીની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે નગરપાલિકામાં ૧૦૦થી વધુ વખત રજૂઆતો કરી છે. પરંતુ કોઈ ઉકેલ આવતો નથી.

### ભૂર્ગભ ગટરની કામગીરી થાય છે, રસ્તાઓનું સમારકામ થશે

આ અંગે નગરપાલિકા પ્રમુખ કિરણબેન રાવલે જણાવ્યુ હતુ કે, નગરપાલિકાની ભૂર્ગભ ગટર શાખા દ્વારા ગટરોની સફાઈ કરવામાં આવે છે. છતાં કોઈ સોસાયટીમાં પ્રશ્ન હશે તો ત્વરિત ઉકેલ લાવવામાં આવશે. રસ્તાઓનું પણ સત્વરે સમારકામ કરવામાં આવશે.

# ભિલોડાના માલાવાવમાં જય મહાકાલી તથા ભાથીજી મહારાજના મંદિરમાં વાર્ષિક ૧૪મો પાટોત્સવ ધામધૂમ પૂર્વક યોજાયો



ભિલોડા,તા.૧૩,

ભિલોડાના માલાવાવમાં જય મહાકાલી તથા શ્રી ભાથીજી મહારાજનો ૧૪મો વાર્ષિક પાટોત્સવ ભકિતભાવ પુર્વક શ્રધ્ધાભેર યોજાયો હતો.પ.પૂ. સદ્ગગુરૂ શ્રી ધીરૂરામ મહારાજ (બોલુન્દ્રા), પ. પૂ. સદ્ગગુરૂ શ્રી કિરણરામ મહારાજ (ડાકોર) , આમંત્રિત સંતો શ્રી પ્રકાશગીરીબાપુ (હરદાસપુર), સંત શ્રી રવજી સાહેબ (રામજી સાહેબ-વેજપુર) સહિત સંતો,મહંતોએ ભકિતભાવ પુર્વક ભક્તિમય રસપાન ભક્તોને કરાવ્યું હતું. ભજન સંધ્યા,સંતવાણી અને મહા પ્રસાદીનો ધાર્મિક કાર્યક્રમ ઉલ્લાસભેર યોજાયો હતો.શ્રી વીર ભાથીજી,જય મહાકાલી સેવા ટ્રસ્ટ,માલાવાવ સહિત ભિલોડાના સમસ્ત ગ્રામજનોએ ભકિતભાવ પુર્વક શ્રધ્ધાભેર ભાગ લીધો હતો. ભિલોડા-મેઘરજ બેઠકના ધારાસભ્ય પી.સી.બરંડા,સરપંચ મુકેશભાઈ ત્રિવેદી,પ્રમુખ કાન્તીભાઈ પટેલ,કિર્તીભાઈ બારોટ, નટુભાઈ ગામેતી, અમૃતભાઈ નિનામા, જીગરભાઈ ત્રિવેદી, દેવાંગભાઈ બારોટ, ચિરાગભાઈ બરંડા સહિત અનેક ભાવિક ભક્તોએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.મહા પ્રસાદીનો લાભ હજ્જારો ભાવિક ભક્તોએ લીધો હતો.

# પાલનપુર ન્યુ બસપોર્ટમાં પાર્કિંગ ચાર્જ સામે વિરોધ : કલેકટરને આવેદન પત્ર અપાયું

## ન્યાય નહિ મળે તો ઉગ્ર આંદોલનની ચીમકી

પાલનપુર તા.૧૩

પાલનપુરમાં વિકાસની ઝાકમઝોળ દર્શાવતું અત્યાધુનિક ન્યુ એસટી બસપોર્ટ બનાવવામાં આવ્યું છે. પરંતુ ન્યુ બસપોર્ટમાં રાતોરાત પાર્કિંગ ફી વસૂલવાનું શરૂ થતા છાત્રો સહિતના લોકોએ વિરોધનો સુર છેડયો છે. ત્યારે આજે પાલનપુરના છાત્રો સહિતના જાગૃત લોકોએ રેલી યોજી અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવાયું હતું.

પાલનપુર ન્યુ બસ પોર્ટ કે જે નામ બડે ઓર દર્શન ખોટે પુરવાર થઈ રહ્યું છે. લોકોએ લાખો રૂપિયા ખર્ચી દુકાનો ખરીદી છે. જે દુકાનોમાં ખરીદી માટે આવતા વાહન ચાલકો દુકાન આગળ પાર્કિંગના અભાવે દંડાઈ રહ્યા છે. વળી, દુકાન આગળ પાર્ક કરેલ ટૂ-વ્હીલરોને ટોઈગ કરવાની પણ ફરિયાદો વધી હતી. ત્યારે હવે ન્યુ બસપોર્ટની અંદર વિશાળ પાર્કિંગમાં વાહનો પાસેથી પાર્કિંગ ફી વસૂલવાને લઈને વિરોધનો સુર વધતો જાય છે.ન્યુ બસપોર્ટમાં રીડિંગ લાઈબ્રેરીઓમાં આવતા છાત્રોને પાર્કિંગ ચાર્જ આપવો પરવડે નહિ. ત્યારે છાત્રો સહિતના લોકોએ વિરોધ જતાવ્યો હતો. છાત્રો એ જણાવ્યું હતું કે, બસ પોર્ટ એ જાહેર જગ્યા છે. જેમાં છાત્રો માટે રાહત હોવી જોઈએ.

દરમિયાન, આજે છાત્રો સહિતના જાગૃત લોકોએ અધિક જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતું. જયા ન્યાય નહિ મળે તો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

